કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી તથા તેમના હસ્તકના બોર્ડ/ નિગમ/ સંસ્થામાં યોજાતા તાલીમ કાર્યક્રમમાં એકસુત્રતા લાવવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- સીસીઆઈ/૧૦૨૦૨૨/૧૪૫/ખ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧/૦૨/૨૦૨૨.

વંચાણે લીધા:

(૦૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૦૯/૦૨/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: MCT/૧૦૨૦૨૦ /૬૫૧/ખ.
(૦૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૫/૦૧/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: જીએમકે/૧૦૨૦૨૦/૮૧૩/ખ૧.
(૦૩) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૭ /૯૨૯૦૨(INC)/ખ.
(૦૪) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૨/૦૯/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: ટીસીપી/૧૦૨૦૧૬/૧૩૨૫/ખ.

પ્રસ્તાવનાઃ-

વંચાણે લીધા ક્રમાક-(૦૧)થી રાજયમાં પુરક રોજગારીની તકોના સર્જન માટે ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગં કોર્પોરેશન લી. સંસ્થાન દ્વારા લેધર/રેક્ઝીન આર્ટીકલ્સ મેકીંગ અને નેચરલ ફાઇબર આર્ટીકલ્સ મેકીંગ કૌશલ્ય તાલીમ જેવી જુદી જુદી પ્રવૃત્તિઓ હેઠળ દર વર્ષે પુરૂષ/મહિલાઓને એક માસની, બે માસની અને ત્રણ માસની સ્વરોજગારલક્ષી તાલીમ આપવામાં આવી રહેલ છે. વંચાણે લીધા ક્રમાક-(૦૨)થી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા પુરક રોજગારીની તકોના સર્જન માટે અલગ-અલગ પ્રકારના ૧૩ ટ્રેડ માટે તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવી રહેલ છે. વંચાણે લીધા ક્રમાક-(૦૩)થી ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેનશન-કોટેઝ(ઈન્ડેક્ષ્ટ-સી)ની કચેરી દ્વારા વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરોને સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા, ખ્યાતનામ સંસ્થાઓ સાથે સમન્વય દ્વારા રોજગારીમાં વધારો કરવા માટે તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવી રહેલ છે. વંચાણે લીધા ક્રમાક-(૦૪)થી કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી દ્વારા ઉની ગાલીચા વણાટ તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત ૬-માસના તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવી રહેલ છે. કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી તથા તેમના હસ્તકના બોર્ડ/ નિગમ/ સંસ્થાન દ્વારા જે તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યા છે તેમાં એકસુત્રતા જળવાઈ રહે તે માટે એક નોડલ એજન્સીની નિમણૂક કરવા તથા તાલીમ કાર્યક્રમ સંબંધીત તમામ વિગત ઈ-કુટીર પોર્ટલ પર ઉપલબ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

વિચારણાને અંતે કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી તથા તેમના હસ્તકના બોર્ડ/ નિગમ/ સંસ્થાન દ્વારા જે તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યા છે તેમાં એકસુત્રતા જણવાઈ રહે તે માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનને નોડલ એજન્સી તરીકે નિયત કરવાનું

Scanned with CamScanner

આથી ઠરાવવામાં આવે છે. તેમજ તાલીમ કાર્યક્રમ સંબંધીત તમામ વિગત ઈ-કુટીર પોર્ટલ પર ઉપલબ્ધ કરવાની જવાબદારી પણ નોડલ એજન્સીની રહેશે.

કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ કચેરી તથા તેમના હસ્તકના નીચે મુજબના બોર્ડ/ નિગમ/ સંસ્થાનોએ તેમના કાર્યક્ષેત્રમાં આવતા તાલીમ કાર્યક્રમો જે-તે વર્ષ માટેની બજેટ જોગવાઈની મર્યાદામાં ચલાવવાના રહેશે.

(૦૧) કમિશનરશ્રી,કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી, ગાંધીનગર
(૦૨) ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર
(૦૩) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. ગાંધીનગર
(૦૪) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ગાંધીનગર
(૦૫) ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેનશન-કોટેઝ(ઈન્ડેક્ષ્ટ-સી) ગાંધીનગર

પુરક રોજગારીની તકોના સર્જન માટેની તાલીમ યોજના સંબંધીત તાલીમનું સ્થળ, મકાન ભાડુ, ઇન્સ્ટ્રકટર તથા આસી. ઇન્સ્ટ્રકટરના મહેનતાણાં, કાચોમાલ માટે ખર્ચ, તાલીમાર્થીને સ્ટાઈપેન્ડ, આનુષાંગિક ખર્ચ વિગેરે બાબતના ધોરણે અંગેની મંજૂરી માટે નીચે મુજબની પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૦૧) સંબંધીત ખાતાના વડાની કચેરી/બોર્ડ/નિગમ/સંસ્થાનએ તાલીમ-વર્ગ સંબંધીત દરખાસ્ત યોગ્ય રીતે ચકાસી, જરૂરી કાગળો સાથે ઈ-કુટીર પોર્ટલ પર અપ-લોડ કરવાની રહેશે.

(૦૨) સંબંધીત ખાતાના વડાની કચેરી/ બોર્ડ /નિગમ /સંસ્થાનએ PMUના પ્રતિનિધિના પરામર્શમાં રહી દરખાસ્ત સંદર્ભે ઘટક મુજબ અસરકારક ખર્ચ તથા અન્ય ટેકનિકલ બાબતોની યોગ્ય રીતે ચકાસી કરવાની રહેશે તેમજ દરખાસ્તની સાથે ખર્ચની સામે મળનાર લાભો(Out-comes) સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે. ત્યારબાદ દરખાસ્ત જરૂરી કાગળો સાથે નીચે દર્શાવેલ તાલીમ સંબંધીત અમલીકરણ તથા મોનિટરીંગ/રિવ્યુ કમિટી સમક્ષ રજૂ કરવાની રહેશે.

| ક્રમ | હોદા અંગેની વિગત | અધ્યક્ષ તથા સભ્યોની વિગત |
|---|---|---|
| ૦૧ | સચિવશ્રી(કુટીર ઉદ્યોગ) | અધ્યક્ષશ્રી |
| ૦૨ | નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન | સભ્ય સચિવશ્રી |
| ૦૩ | નાયબ સચિવશ્રી(કુટીર ઉદ્યોગ) | સભ્યશ્રી |
| ૦૪ | અધિક નિયામકશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી | સભ્યશ્રી |
| ૦૫ | સંબંધીત કચેરીના વહીવટી વડા | સભ્યશ્રી |
| ૦૬ | સંબંધીત કચેરીમાં તાલીમ શાખાની કામગીરી સંભાળતા અધિકારી | સભ્યશ્રી |

(૦૩) નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર કચેરી (નોડલ એજન્સી)એ ઉપર્યુક્ત તાલીમ કમિટીની બેઠક બોલાવતા પહેલાં કમિટીના સભ્યોને ૦૩-દિવસ અગાઉ જાણ કરવાની રહેશે.

Scanned with CamScanner

(૦૪) તાલીમ કમિટીની બેઠકમાં રજૂ થયેલ તાલીમ-વર્ગ સંબંધીત દરખાસ્તની યોગ્ય રીતે ચકાસી કરવાની રહેશે. કમિટીના સભ્યોએ તાલીમ-વર્ગ દરમિયાન થનાર ખર્ચ ઘટક મુજબ અસરકારક છે કે નહીં તે ચકાસવાનું રહેશે તથા દરખાસ્તની સાથે ખર્ચની સામે મળનાર લાભો(Out-comes) સ્પષ્ટપણે જોવાના રહેશે. તાલીમ-વર્ગ માટે થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતનું પાલન કરવાનું રહેશે. તેમજ કમિટીએ તાલીમ કાર્યક્રમના આઉટકમ પર ખાસ ભાર મુકવાનો રહેશે.

(૦૫) નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર કચેરી (નોડલ એજન્સી)એ તાલીમ સંબંધીત અમલીકરણ કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ ઉદ્યોગ અને ખાણ વિભાગને મોકલી આપવાની રહેશે.

(૦૬) તાલીમ-વર્ગની મંજૂરી મળ્યા બાદ તાલીમ કાર્યક્રમની કામગીરીનું મોનિટરીંગ તથા ઈવેલ્યુશન નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર કચેરી (નોડલ એજન્સી)એ એ સંબંધિત ખાતાના વડાની કચેરી/ બોર્ડ /નિગમ /સંસ્થાનના વહીવટી વડાના પરામર્શમાં રહી કરવાનું રહેશે.

(૦૭) નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર કચેરી (નોડલ એજન્સી)એ એ સંબંધિત ખાતાના વડાની કચેરી/ બોર્ડ /નિગમ /સંસ્થાનના વહીવટી વડાના પરામર્શમાં રહી કરેલ મોનિટરીંગ તથા ઈવેલ્યુશન અંગેનો રીપોર્ટ ત્યાર પછી મળનાર તાલીમ કમિટીની બેઠકમાં રજૂ કરવાનો રહેશે.

<u>તાલીમ યોજના સંબંધીત અન્ય જોગવાઈઓ:</u>

<u>(૦૧) તાલીમ યોજના સંબધીત ડેટા બેઝ તૈયાર કરવો:</u>

- તાલીમ વર્ગ દરમિયાન તાલીમાર્થીની હાજરી, ઇન્સ્ટ્રકટર/આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરની હાજરી, તાલીમ-વર્ગ સંબંધીત ફોટોગ્રાફ્સ વગેરે આધુનિક ટેકનોલોજીના માધ્યમથી સંબંધીત ખાતાના વડાની કચેરી/ બોર્ડ/નિગમ/સંસ્થા તથા નોડલ એજન્સીને પણ મોકલી આપવાના રહેશે તથા હાજરીપત્રક સંબંધીત વિગત નિયત ફોર્મેટમાં ઈ-કુટીર પોર્ટલ પર અપ-લોડ કરવાનું રહેશે.
- સંબંધીત ખાતાના વડાની કચેરી/ બોર્ડ/નિગમ/સંસ્થાને તાલીમ વર્ગ શરૂ થતાં પહેલાં આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ-અ,બ,ક મુજબની જરૂરી વિગતો ઈ-કુટીર પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવાની રહેશે. તે જોવાની જવાબદારી તાલીમ કાર્યક્રમ માટે નિમાયેલ નોડલ એજન્સીના જવાબદાર અધિકારીની રહેશે.
- ફરિયાદ નિવારણ તંત્રનું માળખું તૈયાર કરવાની જવાબદારી તાલીમ કાર્યક્રમ માટે નિમાયેલ નોડલ એજન્સીની રહેશે.

<u>(૦૨) ટ્રેડ અંગેની જોગવાઈ :-</u>

તાલીમ કાર્યક્રમ યોજના અન્વયે સંબંધીત કચેરી અને ટ્રેડ અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

<u>કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી, ગાંધીનગર</u>

Scanned with CamScanner

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો (દિવસ) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ઉની ગાલીચા વણાટ તાલીમ કેન્દ્ર યોજના | ૧૬૦ | |

**ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર :-**

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો (દિવસ) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | બેગ મેકિંગ | ૬૦ | |
| ૨ | વાંસકામ આર્ટીકલ્સ બનાવટ | ૬૦ | |
| ૩ | કડિયાકામ અને પ્લમ્બીંગ | ૪૫ | |
| ૪ | કુદરતી રેસા આર્ટીકલ્સ | ૩૦ | |
| ૫ | માટીકામ કૌશલ્ય તાલીમ | ૪૫ | |

**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. ગાંધીનગર :-**

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો (દિવસ) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | હેન્ડ એમ્બ્રોયડરી (ભરત કામ) | ૬૦ | |
| ૨ | પેચવર્ક- એપ્લીકવર્ક | ૬૦ | |
| ૩ | બ્લોક પ્રીન્ટ | ૬૦ | |
| ૪ | બાંધણી વર્ક | ૬૦ | |
| ૫ | બીડ વર્ક | ૬૦ | |
| ૬ | હેગીંગ | ૬૦ | |
| ૭ | બે પાવડી વણાટ | ૬૦ | |
| ૮ | બે પાવડીથી વધારે વણાટ | ૬૦ | |

**ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ગાંધીનગર :-**

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો (દિવસ) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | લેધર આર્ટીક્લ્સ તાલીમ વર્ગ | ૯૦ | |
| ૨. | રેક્ઝીન આર્ટીક્લ્સ તાલીમ વર્ગ | ૯૦ | |

**ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેનશન-કોટેઝ(ઈન્ડેક્ષ્ટ-સી), ગાંધીનગર :-**

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો (દિવસ) | રીમાર્કસ |
|---|---|---|---|

Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| ૧ | મોચીકામ | ૧૫ | |
| ૨. | દરજીકામ | ૨૧ | |
| ૩. | કડીયાકામ | ૧૫ | |
| ૪. | વણાટકામ | ૧૫ | |
| ૫. | કુંભારીકામ | ૧૫ | |
| ૬. | વાંસકામ | ૧૫ | |
| ૭. | ભરતકામ | ૧૫ | |
| ૮. | બ્લોક પ્રિન્ટીંગ | ૧૫ | |
| ૯. | પેચવર્ક | ૧૫ | |
| ૧૦. | બાંધણી | ૧૫ | |
| ૧૧. | અકીકકામ | ૧૫ | |
| ૧૨. | મોતીકામ | ૧૫ | |
| ૧૩ | ચિત્રકામ(પિઠોરા/વારલી/કલમકારી) | ૧૫ | |

<u>(03) ઇન્સ્ટ્રકટર/આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટર સંબંધીત જોગવાઈ:</u>

- સંબંધીત ખાતાના વડાની કચેરી/ બોર્ડ/નિગમ/સંસ્થાને ઇન્સ્ટ્રકટર/આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરની એક યાદી વર્ષની શરુઆતમાં તૈયાર કરી નોડેલ એજન્સીને મોકલી આપવાની રહેશે.
- નોડલ એજન્સીએ ઇન્સ્ટ્રકટર/આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરનું મૂલ્યાંકન કરવાનું રહેશે.
- નોડલ એજન્સીએ મુલ્યાંકન બાદ યોગ્ય ઇન્સ્ટ્રકટર/આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરને પસંદ કરી તેની એક યાદી તૈયાર કરી તેમને તાલીમ આપવાની રહેશે.

<u>(૦૪) ડીજીટલ માર્કેટીંગ તથા ઓનલાઈન ચુકવણા સંબંધીત જોગવાઈ:</u>

કુટીર પ્રભાગ હસ્તકની તાલીમ આપતી દરેક સંસ્થાએ તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને ડીજીટલ માર્કેટીંગ તથા ઓનલાઈન ચુકવણા સંબંધીત જ્ઞાન આપતી ૨- દિવસની તાલીમ આપવાની રહેશે. તે માટે તાલીમ આપતી દરેક સંસ્થાએ તે અંગેની સુચારૂ વ્યવસ્થા ગોઠવવાની રહેશ.

<u>તાલીમ યોજના અન્વયે નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.</u>

(૧) ટુંકાગાળાના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમના આયોજન માટે સંબધિત ટ્રેડના તાલીમના સમયગાળા મુજબ ઉપર્યુક્ત ધોરણોની મહત્તમ મર્યાદામાં જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇ અને મંજુર થયેલ વર્કપ્લાનને આધીન ખર્ચ કરવાનો રહેશે.

(૨) તાલીમ કાર્યક્રમ પૂર્વે જે-તે જિલ્લામાં યોગ્ય પ્રચાર-પ્રસારના માધ્યમનો ઉપયોગ કરી તાલીમ કાર્યક્રમ અંગેનો બહળો પ્રચાર કરવાનો રહેશે.

(૩) તાલીમ કાર્યક્રમના આયોજન માટે મળેલ તાલીમાર્થીઓની યાદી સાથેની દરખાસ્તની ચકાસણી કરી સંબંધીત કચેરી દ્વારા તાલીમ કાર્યક્રમનુ આયોજન કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની મંજૂરી મેળવીને કરવાનુ રહેશે તથા આ અંગેની જાણ વહીવટી વિભાગને કરવાની રહેશે.

Scanned with CamScanner

(૪) સંબંધીત ખાતાના વડાની કચેરી/બોર્ડ/નિગમ/સંસ્થાન કચેરી દ્વારા તાલીમ વર્ગ પૂર્વે તાલીમ વર્ગ માટે પસંદ કરેલ તાલીમાર્થીનું નામ, ઉંમર, ફોન નંબર દર્શાવતી યાદી વહીવટી વિભાગને મોકલી આપવાની રહેશે.

(૫) તાલીમ સંબંધીત અભ્યાસક્રમની સામગ્રી(Training material) ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં હાર્ડ-કોપીમાં ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(૬) તાલીમ વર્ગ દરમ્યાન લેકચરની ગોઠવણીમાં ૩૦% ભાગ થિયરી લેકચર તથા ૭૦% ભાગ પ્રેક્ટિકલ લેકચરનો રહેશે.

(૭) સંબંધીત કચેરીએ ફેકલ્ટીની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે તથા ફેકલ્ટીએ તાલીમાર્થી સરળતાથી સમજી શકે તેવી હિન્દી/ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૮) તાલીમાર્થીઓને મેન્યુઅલ તથા શક્ય હોય ત્યારે મશીન પર એમ બન્ને રીતે તાલીમ પુરી પાડવાની રહેશે.

(૯) સંબંધીત બોર્ડ/નિગમ/સંસ્થાન કચેરી દ્વારા જયારે તાલીમ વર્ગની મુલાકાત(મોનીટરીંગ)નું આયોજન કરવામાં આવે ત્યારે વહીવટી વિભાગના એક કર્મચારી/અધિકારી અથવા કમિશનરશ્રી કુટીર અને ગ્રામોદ્યોગ કચેરીના એક અધિકારી/કર્મચારીને મોનીટરીંગ દરમ્યાન સાથે રાખવાના રહેશે.

(૧૦) તાલીમ બાદ તાલીમાર્થીઓ ઉત્પાદનની કામગીરી શરૂ કરે તે માટે તાલીમાર્થીઓને રાજય સરકારશ્રીના વિવિધ વિભાગોની રોજગારી સંબંધીત યોજના(જેવી કે માનવ કલ્યાણ યોજના, બેંકેબલ યોજના વિગેરે) અંગે જરૂરી માર્ગદર્શન આપવાનુ રહેશે તેમજ તે દિશામાં તાલીમાર્થીઓ મહતમ લાભ મેળવે તેવી કાર્યવાહી કરવાની રહેશે.

(૧૧) તાલીમ-વર્ગ દરમિયાન તાલામાર્થીની ૮૦ ટકા (૮૦%) હાજરી આવશ્યક છે તેમજ સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીને તાલીમ પૂર્ણ કર્યા અંગેનુ પ્રમાણપત્ર આપવાનુ રહેશે.

(૧૨) તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ/મકાનભાડુ/ઇન્સ્ટ્રક્ટર/આસીસ્ટન્ટ-ઇન્સ્ટ્રક્ટરનું મહેનતાણું વગેરે NEFT/RTGS/DD થી ચુકવણુ કરવાનું રહેશે.

(૧૩) તાલીમ-વર્ગ દરમ્યાન તાલીમ લેનારા કૂલ તાલીમાર્થીઓ માંથી ૭૦% તાલીમાર્થીઓને જોબ ઉપલબ્ધ કરાવવી અથવા ઉદ્યોગ સાહસિક બને તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૪) તાલીમના અંતે એક પ્રેક્ટિકલ પરીક્ષા(Practical Exam)નું આયોજન કરવાનું રહેશે. પરીક્ષાનું માળખું પ્રદર્શન પ્રકારનું રહેશે. જેમાં તાલિમાર્થીઓ નિશ્વિત સમયમર્યાદામાં અમુક વસ્તુનું ઉત્પાદન કરશે. તેમના દ્વારા બનાવવામાં આવેલ વસ્તુનું પ્રદર્શન કરવામાં આવશે. જેનું ત્રણ સભ્યોની બનેલી એક કમિટી દ્વારા નિરીક્ષણ કરી મુલ્યાંકન કરવામાં આવશે. મુલ્યાંકન કમિટી દ્વારા મુલ્યાંકન દરમિયાન તાલામાર્થીના કૌશલ્યમાં કેટલો વધારો થયો, તાલીમાર્થી બજારને અનુરૂપ વસ્તુ બનાવવાની ક્ષમતા ધરાવે છે કે કેમ?, તાલીમાર્થી દ્વારા ઉત્પાદીત આઈટમ બજારમા અસ્તિતત્વ ટકાવવા સક્ષમ છે કે કેમ? વિગેરે બાબતોને આવરી લેવાની રહેશે.

<u>કમિટીનું માળખું નીચે મુજબ રહેશે.</u>

(૦૧) સંબંધિત સંસ્થાનના એક અધિકારી/કર્મચારી

(૦૨) ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનના એક અધિકારી/કર્મચારી

(03) કમિશનરશ્રી કુટીર અને ગ્રામોદ્યોગ કચેરીના એક અધિકારી/કર્મચારી

Scanned with CamScanner

અથવા

(૦૩) વહીવટી વિભાગ કક્ષાએથી એક અધિકારી/કર્મચારી

(૧૫) તાલીમ અંગેના ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાના રહેશે.

(૧૬) તાલીમ માટેના જરૂરી સાધન-ઓજાર અને કાચામાલની ખરીદીના કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સૂચનાઓ તેમજ ખરીદનીતિ અંગેની સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧૭) તાલીમ વર્ગોના પ્રચાર-પ્રસારની કામગીરી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રોની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) બજારની સ્થિતિ, સ્થાનિક કૌશલ્ય તથા સ્વરોજગારના સર્જનની ક્ષમતાને ધ્યાને લઇ નિગમના તાલીમ કાર્યક્રમોનો સમયાંતરે મુલ્યાંકન કરી ઉપર્યુક્ત રિવ્યુ કમિટીની મંજૂરી મેળવ્યા બાદ વહીવટી વિભાગની મંજૂરી મેળવી નવીન ટ્રેડ ઉમેરી કે જુના ટ્રેડ રદ કરી સ્વરોજગારીની શક્યતા વાળા ટ્રેડ નક્કી કરી શકાશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી (કુટીર ઉદ્યોગ)ની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

(૧) સચિવશ્રી(કુ.ઉ.)ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) કમિશનરશ્રી(કુ.ઉ.)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.૭/૨, ઉદ્યોગભવન, ગાંધીનગર.
(૩) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ., હેન્ડલુમ ટેકનોલોજી ઇન્સ્ટીટ્યુટ , સેકટર-૧૩, મહાત્મા મંદીર પાસે, ગાંધીનગર .
(૪) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિ, ઉધોગભવન, ગાંધીનગર.
(૫) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ, હેન્ડલુમ ટેકનોલોજી ઇન્સ્ટીટ્યુટ, સેકટર-૧૩, મહાત્મા મંદીર પાસે, ગાંધીનગર.
(૬) ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, સેકટર-૧૨, ગાંધીનગર.
(૭) ઈન્ડસ્ટ્રીયલ એક્સ્ટેન્શન –કોટેઝ(ઈન્ડેક્ષ્ટ-સી), ઉધોગભવન, ગાંધીનગર
(૮) પસંદગી ફાઇલ ખ શાખા, ઉધોગ અને ખાણ વિભાગ , સચિવાલય , ગાંધીનગર.
(૯) પસંદગી ફાઇલ ખ-૧ શાખા, ઉધોગ અને ખાણ વિભાગ , સચિવાલય , ગાંધીનગર.

Scanned with CamScanner